# જાહેરનામું

**ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩(૧૯૭૪ ના નં.૨) ની કલમ ૧૪૪ તથા જી.પી.એકટ ૩૭(૧) અન્વયે**

P. R. O.

**નંબર : વિ.શા./જાહેરનામું/એ-સેકશન/પરમીટ/ ૧૯૨ /૨૦૧૯**

અમદાવાદ મહાનગર પાલિકાની પેટા ચુંટણી તા.૨૨/૧૦/૨૦૧૯ અન્વયે કલેક્ટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ ની રાજયના ચુંટણીપંચ અમદાવાદ તા.૨૪.૦૯.૨૦૧૯ ની સુચના પત્ર દ્વારા આદેશો બહાર પાડવામાં આવેલ છે.અને તે મુજબ ભારતના નિર્વાચન આયોગે બંધારણની કલમ-૩૨૪ હેઠળ મળેલ સતાની રૂએ આપેલ આદેશ ક્રમાંક ૪૬૪/ એલએન્ડઓ/પીએલએન-૧ તા.૧૩.૦૩.૯૬ મુજબ ચુંટણી પ્રક્રિયા દરમ્યાન પરવાનેદાર વ્યકિતએ શસ્ત્રો કે હથિયારો સાથે લઈ જવા ઉપર નિયત્રંણ રાખવાની જરૂર છે.

ચુંટણી મુકત અને ન્યાયી વાતાવરણમાં યોજાય તે માટે ચુંટણી તંત્ર પ્રયત્નશીલ છે. તેમજ ચુંટણી પ્રક્રિયા દરમ્યાન કોઈ વ્યકિતને અડચણ, ત્રાસ કે નુકશાન અથવા લોકોના જાન, સ્વાસ્થ કે સલામતીને થતું જોખમ અથવા જાહેર સુલેહ શાંતિનો ભંગ ન થાય તે માટે જાહેરમાં શસ્ત્રો કે હથિયારો લઈને ફરવા ઉપર નિયંત્રણ મુકવું જરૂરી છે.

હું એ.કે સિંઘ, પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેર ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ ના નં.૨) ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે, પોલીસ કમિશ્નર અમદાવાદ શહેરની હુકમતમાં કોઈપણ વ્યકિત પરવાનો ધરાવતી હશે તો પણ પોતાની સાથે શસ્ત્રો કે હથિયાર લઈ જઈ કે ફેરવી શકશે નહી.

**આ હુકમ નીચેની વ્યકિતને લાગુ પડશે નહી.**

(૧) સરકારી નોકરીનું કામકાજ કરતી કોઈ વ્યકિત તેની ફરજના ભાગ રૂપે તેના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર લઈ જવાનું ફરમાવ્યુ હોય અથવા તેવું હથિયાર લઈ જવાની ફરજ હોય .

(૨) ઈન્ડીયન નેશનલ રાયફલ એસોસીએશન સભ્યો.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર ભારતના ફોજદારી અધિનિયમ સને-૧૮૬૦ ની કલમ-૧૮૮ તથા જી.પી.એકટ ૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે.

**આ હુકમ તા.૩૦.૦૯.૨૦૧૯ કલાક ૧૭.૦૦ થી તા.૧૪/૧૦/૨૦૧૯ ના કલાક ૨૪/૦૦ સુધી અમલમાં રહેશે.**

**આ હુકમ અમદાવાદ શહેર પોલીસ કમિશ્નરશ્રીની હકુમત હેઠળ આવતાં ૩૫- બહેરામપુરા વોર્ડ વિસ્તારને લાગું પડશે.**

હું આથી આદેશ આપું છું કે, આ હુકમની નિર્દિષ્ટ કરેલ વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાઓએ નકલો ચોંટાડીને તથા સ્થાનીક વર્તમાન પત્રો દ્વારા પ્રસિધ્ધિ કરાવી, તેમજ આકાશવાણી અને દુરદર્શન ઉપરથી જાહેરાત કરાવવી.

આજ તારીખ**૩૦**માહે સપ્ટેમ્બર સને ૨૦૧૯ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યા.

(એ.કે સિંઘ)
પોલીસ કમિશ્નર,
અમદાવાદ શહેર.

**નકલ સવિનય રવાના:-**

(૧) અધિક મુખ્ય સચિવશ્રી, ગુજરાત રાજય, ગૃહ વિભાગ, ગાંધીનગર.

(૨) પોલીસ મહાનિદેશક અને મુ.પો.અધિ.શ્રી ગુ.રા.ગાંધીનગર.

(3) અધિક પો.મહાનિદેશકશ્રી (ઈન્ટે.) ગુ.રા.ગાંધીનગર.